ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સીધી ભરતી માટે યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં તથા ખાતાકીય પરીક્ષાઓમાં નિયુક્ત સ્ટાફને ચુકવવામાં આવતાં મહેનતાણાના દર નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: કપઅ/૧૧૮૯/૧૨૯૦/ગ-૪(પાર્ટ ફાઇલ)
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૫/૨૦૨૩

વંચાણે લીધા:-
(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: કપઅ/૧૧૮૯/૧૨૯૦/ગ-૪(પાર્ટ ફાઇલ)
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦/૧૧/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: કપઅ/૧૧૮૯/૧૨૯૦/ગ-૪(પાર્ટ ફાઇલ)
(૩) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરનો તા.૧૪/૦૯/૨૦૨૨નો પત્ર ક્રમાંક: પરક્ષ-૧૦૨૦૧૮-૧૦૫૦-ખ

// ઠરાવ //

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા યોજવામા આવતી વર્ગ-૩ની સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા ખાતાકીય પરીક્ષાઓમાં નિમાતા સ્ટાફને ચૂકવવામાં આવતા મહેનતાણાના દર ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ: (૧) અને (૨) સામેના આ વિભાગના તા.૧૦/૦૪/૨૦૧૫ અને તા.૨૦/૧૧/૨૦૧૮ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના તા.૧૯/૦૧/૨૦૧૭ના અને તા.૨૭/૦૯/૨૦૧૯ના કચેરી હુકમ ક્રમાંક:મનદ/૨૦૧૬/૪૯૯/ઇ થી આયોગ દ્વારા યોજાતી પરીક્ષાઓ માટે નિયુક્ત સ્ટાફને ચુકવવાના માનદવેતન/મહેનતાણાના દર સુધારવામાં આવેલ હોવાથી ગુજરાત ગૌણ પસંદગી મંડળ દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ખાતાકીય પરીક્ષાઓના સંચાલન માટે નિયુક્ત અધિકારીઓ/કર્મચારીઓના, પ્રાશ્નિકો, પરીક્ષકો તથા અન્ય મહાનુભાવોના, પરીક્ષાલક્ષી અન્ય કામગીરી માટે તજજ્ઞો/અધિકારીઓ/કર્મચારીઓ માટેના મહેનતાણાના દર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નક્કી થયેલ દર મુજબ તેમજ કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટના પ્રશ્નપત્રો તથા ભૌતિક મૂલ્યાંકનની કામગીરી માટેના મહેનતાણાના દર નવેસરથી નિયત કરવા અંગે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ:(૩) સામેના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના પત્રથી રજૂ કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આ અંગે સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા યોજવામા આવતી વર્ગ-૩ની સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા ખાતાકીય પરીક્ષાઓમાં માટે આ સાથેના પરિશિષ્ટ-૧, ભાગ-અ (પરીક્ષાઓના સંચાલન માટે નિયુક્ત અધિકારીઓ/કર્મચારીઓ માટેના મહેનતાણાના દર), ભાગ-બ (પ્રાશ્નિકો,પરીક્ષકો તથા અન્ય મહાનુભાવોના માનદવેતન/મહેનતાણાના દર), ભાગ-ક (પરીક્ષાલક્ષી અન્ય કામગીરી

માટે તજજ્ઞો/અધિકારીઓ/કર્મચારીઓને માટેના મહેનતાણાના દર) તથા ભાગ-ડ (કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટના પ્રશ્નપત્રો તથા મૂલ્યાંકનની કામગીરી માટેના મહેનતાણાના દર) મુજબ સુધારેલ દરે મહેનતાણું ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સુધારેલ દર આ ઠરાવ પ્રસિધ્ધ કર્યા તારીખથી અમલમાં આવશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૪/૦૩/૨૦૨૩ની નોંધ તેમજ સરકારશ્રીની તા.૧૫/૦૫/૨૦૨૩થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(તેજસ એચ.સોની)
નાયબ સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી. ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર,.
શાખા પસંદગી ફાઇલ.

*પત્ર દ્વારા

## પરિશિષ્ટ-૧

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: કપઅ/૧૧૮૯/૧૨૯૦/ગ-૪(પાર્ટ ફાઈલ) સાથેનું બિડાણ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ખાતાકીય પરીક્ષાઓના સંચાલન માટે નિયુક્ત અધિકારીઓ/કર્મચારીઓ માટેના મહેનતાણાના દર

### ભાગ-અ

| ક્રમ | હોદ્દો | મહેનતાણાના દર રૂ. | | | |
|---|---|---|---|---|---|
| | | પરીક્ષાના આગળના દિવસના રૂ. | એક સેશનના રૂ. | બે સેશનના રૂ. | ત્રણ સેશનના રૂ. |
| ૧ | કો-ઓર્ડીનેટર/ચીફ કો-ઓર્ડીનેટર | ૨૫૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૨ | નાયબ કો-ઓર્ડીનેટર | ૨૦૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૩ | આસી. કો-ઓર્ડીનેટર | ૧૫૦૦ | ૧૦૦૦ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૪ | કંટ્રોલર ઓફ સ્ટ્રોંગરૂમ | ૨૦૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૫ | આસી. કંટ્રોલર ઓફ સ્ટ્રોંગરૂમ | ૧૫૦૦ | ૧૦૦૦ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૬ | કેન્દ્ર નિયામક | ૧૦૦૦ | ૭૦૦ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૭ | મંડળના પ્રતિનિધિ | ૧૦૦૦ | ૭૦૦ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૮ | સુપરવાઇઝર | - | ૬૦૦ | ૭૫૦ | ૧૦૦૦ |
| ૯ | તકેદારી સુપરવાઇઝર | - | ૭૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | ઇન્વીજીલેટર | - | ૫૦૦ | ૭૦૦ | ૮૦૦ |
| ૧૧ | કારકુન | ૩૭૫ | ૨૨૫ | ૩૭૫ | ૫૦૦ |
| ૧૨ | પટાવાળા | - | ૪૫૦ (આખા દિવસના) | | |
| ૧૩ | ટાઇમ કીપર (સ્ટેનો) | સેશન દીઠ ૭૦૦<br>વધારાના સેશન દીઠ ૨૫ % | | | |
| ૧૪ | ટાઇમ ચેકર (સ્ટેનો) | સેશન દીઠ ૭૦૦<br>વધારાના સેશન દીઠ ૨૫ % | | | |
| ૧૫ | ડીક્ટેટર | સેશન દીઠ ૯૦૦<br>વધારાના સેશન દીઠ ૨૫ % | | | |

(તેજસ એચ.સોની)
નાયબ સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

<u>પરિશિષ્ટ-૧</u>

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: કપઅ/૧૧૮૯/૧૨૯૦/ગ-૪(પાર્ટ ફાઈલ) સાથેનું બિડાણ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા યોજાતી સ્પર્ધાત્મક/ખાતાકીય પરીક્ષાઓના પ્રાશ્નિકો,પરીક્ષકો તથા અન્ય મહાનુભાવોના માનદવેતન/મહેનતાણાના દર

<u>ભાગ-બ</u>

| ક્રમ | વિગત | મહેનતાણાના દર રૂ./- |
|---|---|---|
| ૧ | પ્રશ્નપત્ર તૈયાર કરવાની કામગીરી<br>(૧) વર્ણનાત્મક પ્રશ્નપત્ર જેમાં પ્રશ્ન તથા મોડેલ આન્સર કી અથવા જરૂરી મુદ્દાઓ દર્શાવતી નોંધનો સમાવેશ થશે. | રૂ.૫૦૦૦/- |
| ૨ | હેતુલક્ષી કસોટી માટેનું પ્રશ્નપત્ર (જેમાં પ્રશ્ન તથા આન્સર કી નો સમાવેશ થશે) | ૧૦૦ (પ્રશ્ન દીઠ) |
| ૩ | (અ) ટાઇપીંગ ટેસ્ટ માટે પ્રશ્નપત્રના જુદી જુદી ઝડપના ફકરા તૈયાર કરનાર પ્રાશ્નિકોને ફકરા દીઠ<br><br>(બ) સ્ટેનોગ્રાફરની વિવિધ પરીક્ષા માટે ડીક્ટેશનના ફકરા તૈયાર કરવા ફકરા દીઠ<br>(૧) ગ્રેડ-૧<br>(૨) ગ્રેડ-૨<br>(૩) ગ્રેડ-૩ | ૫૦૦<br><br>૫૦૦<br>૪૫૦<br>૪૦૦ |
| ૪ | (અ) વર્ણનાત્મક પ્રશ્નપત્રની જવાબવહી તપાસવાનું મહેનતાણું<br>(૧) ત્રણ કલાક કે તેથી વધુ સમયના પ્રશ્નપત્ર માટેની જવાબવહી દીઠ<br>(૨) ત્રણ કલાકથી ઓછા સમયના પ્રશ્નપત્ર માટેની જવાબવહી દીઠ | પ્રશ્નનાં માર્કદીઠ રૂા.૨<br><br>પ્રશ્નનાં માર્કદીઠ રૂા.૨ |
| ૫ | હેતુલક્ષી પ્રશ્નપત્રની જવાબવહી તપાસવાનું મહેનતાણુ (જવાબવહી દીઠ) | પ્રત્યેક ૫૦ પ્રશ્ન માટે રૂા.૨૦ |
| ૬ | ટાઇપ કામના પ્રશ્નપત્રની જવાબવહી તપાસવાનું મહેનતાણું (જવાબવહી દીઠ) | ૪૦ |
| ૭ | સ્ટેનોગ્રાફરના પ્રશ્નપત્રની જવાબવહી તપસવાનું મહેનતાણું (જવાબવહી દીઠ) | પ્રશ્નપત્ર ના પ્રત્યેક માર્કદીઠ રૂા.૧ અન્યથા રૂ.૫૦/- |

| | | |
|---|---|---|
| ૮ | મોડરેશનના દર (ઉત્તરવહી દીઠ)<br>(૧)ત્રણ કલાક કે તેથી વધુ સમયના વર્ણનાત્મક પ્રશ્નપત્રના<br>(૨)ત્રણ કલાકથી ઓછા સમયના વર્ણનાત્મક | ઓછામાં ઓછા રૂ.૧૦૦૦/-, ૧૦ થી વધારે જવાબવહી માટે પ્રત્યેક જવાબવહી દીઠ રૂ.૧૦૦/- |
| ૯ | પેપર મોડરેશન (પ્રશ્નપત્ર)<br>(અ) વર્ણનાત્મક<br>(૧) ત્રણ કલાક કે તેથી વધુ સમયના<br>(૨) ત્રણ કલાકથી ઓછા સમયના<br>(બ) હેતુલક્ષી પ્રશ્નપત્ર | <br><br>રૂા.૭૦૦૦/-<br>રૂા.૫૦૦૦/-<br>રૂા.૧૨,૫૦૦/-(૧૦૦ પ્રશ્નો સુધીના પ્રશ્નપત્ર માટે)<br>રૂા.૧૨૫/- એક પ્રશ્નદિઠ (૧૦૦ થી વધારે પ્રશ્નોના પ્રશ્નપત્ર માટે) |
| ૧૦ | <u>માનદ વેતન</u><br>(૧) વિષય નિષ્ણાંત (Subject Expert)<br>(૨) સરકારી નામ નિયુક્ત (Govt. Nominee)<br><u>મુસાફરી ખર્ચ</u><br>(૧) અમદાવાદ થી આવનાર માટે<br>(૨) અન્ય સ્થળથી આવનાર માટે | <br>રૂા.૪,૦૦૦/-<br>રૂા.૪,૦૦૦/-<br><br>રૂા. ૬૦૦/-<br>નિયમાનુસાર ટી.એ./ડી.એ. |
| ૧૧ | રૂબરૂ મુલાકાત/મધ્યસ્થ મૂલ્યાંકન માટે ચા-નાસ્તો (વ્યકિત દીઠ)<br>(૧) પાંચ કલાકનું રોકાણ<br>(૨) પાંચ કલાકથી વધારે રોકાણ | <br><br>રૂા ૨૫૦/-(ચા-પાણી)<br>રૂા ૫૦૦/-(જમવા સુધીના) |

(તેજસ એચ.સોની)
નાયબ સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

<u>પરિશિષ્ટ-૧</u>

સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: કપઅ/૧૧૮૯/૧૨૯૦/ગ-૪(પાર્ટ ફાઈલ) સાથેનું બિડાણ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા યોજાતી સ્પર્ધાત્મક/ખાતાકીય પરીક્ષાઓની પરીક્ષાલક્ષી અન્ય કામગીરી માટે તજજ્ઞો/અધિકારીઓ/કર્મચારીઓને માટેના મહેનતાણાના દર

## ભાગ-ક

| ક્રમ | હોદ્દો / કામગીરી | મહેનતાણાના દર રૂ. |
|---|---|---|
| (૧) | પ્રુફ રીડીંગ | રૂ.૨૫૦૦/- |
| (૨) | પ્રોવીઝનલ કી/ફાઇનલ કી પરત્વે તજજ્ઞ અભિપ્રાય | ઓછામાં ઓછા રૂા. ૧૦૦૦/- અને ૧૦ થી વધુ પ્રશ્નોના કિસ્સામાં પ્રશ્નદીઠ રૂા.૧૦૦ |
| (૩) | પ્રશ્નપત્રનું ભાષાંતર પ્રશ્નદીઠ ભરતી પરીક્ષા સંદર્ભે તાંત્રિક બિનતાંત્રિક પ્રકારની કામગીરી માટે તજજ્ઞની સેવા | ઓછામાં ઓછા રૂ.૧૦૦૦ અથવા પ્રશ્નદીઠ રૂ.૧૦૦ |
| (૪) | હેતુલક્ષી અને સ્પર્ધાત્મક પરીક્ષાનો અભ્યાસક્રમ નક્કી. કરવા નિષ્ણાત સેવા | સભ્યદીઠ રૂા. ૪૦૦૦ તથા નિયમોનુસાર ટી.એ.ડી.એ. |
| (૫) | પ્રાશ્નિક/પરીક્ષક નિષ્ણાંતને નિમણૂંક પત્ર રૂબરૂ પહોચાડવા માટે | રૂ.૧૦૦ + ખરેખર ચૂકવેલ બસ/રીક્ષા ભાડું |
| (૬) | હેતુલક્ષી પરીક્ષમાં દરેક સીરીઝ માટેની કી તૈયાર કરવા માટે | પ્રશ્ન દીઠ રૂ.૫/- |
| (૭) | વર્ણનાત્મક જવાબવહીનું ચેકીંગ / પુનઃચકાસણી / ક્રોસ ચેકીંગ પેનલ નિષ્ણાત દ્વારા મૂલ્યાંકન થયેલ જવાબવહીઓનું ચેકીંગ / પુનઃચકાસણી | ચેકીંગ અને પુનઃચકાસણી માટે રૂા.૨૫/- (જવાબવહી દીઠ)<br>ક્રોસ ચેકીંગના રૂ.૧૫/- (જવાબવહી દીઠ) |
| (૮) | સરકારી પ્રતિનિધિ (નિરીક્ષણ અને સંકલન)<br>(નાયબ સચિવ કે સમકક્ષ અને તેની ઉપરની કક્ષાના અધિકારી) | રૂ.૫૦૦૦/- પ્રતિ પરીક્ષાદિન અથવા સમીક્ષાદિન દીઠ |
| (૯) | પ્રશ્નપત્રોનું ભાષાંત્તર જો બીજી કોઇ ભાષામાં કરવામાં આવે તો<br>(૧) વર્ણનાત્મક<br>(૨) હેતુલક્ષી | વર્ણનાત્મક પ્રશ્નપત્રદીઠ રૂ.૩૫૦૦/-<br>હેતુલક્ષી પ્રશ્નપત્રના કિસ્સામાં પ્રશ્નદીઠ રૂ.૩૫/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧૦) | (૧) વડી અદાલતના ન્યાયધીશ, પ્રિન્સીપાલ જિલ્લા ન્યાયધીશ, આઇઆઇટી, આઇઆઇએમ/નેશનલ લેવલના ઇન્સ્ટીટયુટમાં કામ કરતા મહાનુભવ કે શૈક્ષણિક સંસ્થાના ડીન, ડાયરેકટર, ડાયરેકટર જનરલ, યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર, રાજ્ય સરકારના સચિવ, આઇજીપી કે ઉપલી કક્ષાના અધિકારી તરીકે સેવા બજાવતા કે નિવૃત્ત મહાનુભવ અથવા અધ્યક્ષશ્રી નકકી કરે તેવા ગણમાન્ય પ્રતિભા ધરાવતા તજજ્ઞ.<br><br>(૨) અ સિવાયના તજજ્ઞ કે સલાહકારની સેવા | રૂ.૫૦૦૦/- પ્રતિ દિન<br><br>રૂ.૨૫૦૦/- પ્રતિ દિન | | | |
| | | પરીક્ષાના આગલા દિવસે રૂ. | એક સેશનનાં રૂ. | બે સેશનનાં રૂ. | ત્રણ સેશનનાં રૂ. |
| (૧૧) | દફતરી | ૩૦૦ | ૨૫૦ | ૩૦૦ | ૪૫૦ |
| (૧૨) | ડ્રાયવર | ૫૦૦(આખા દિવસનાં) | | | |
| (૧૩) | કસ્ટોડીયન | ૯૦૦ | ૧૨૦૦ (આખા દિવસનાં) | | |
| (૧૪) | આસી.કસ્ટોડીયન | ૬૦૦ | ૭૫૦ (આખા દિવસનાં) | | |
| (૧૫) | ક્લાર્ક ઓફ કસ્ટોડીયન | ૩૭૫ | ૫૦૦ (આખા દિવસનાં) | | |
| (૧૬) | પટાવાળા ઓફ કસ્ટોડીયન | ૨૨૫ | ૪૫૦ (આખા દિવસનાં) | | |
| (૧૭) | મુખ્ય સલામતી અધિકારી | ૧૦૦૦ | ૧૫૦૦ (આખા દિવસનાં) | | |
| (૧૮) | સહાયક સલામતી અધિકારી | ૧૦૦૦ | ૯૦૦ (આખા દિવસનાં) | | |
| (૧૯) | ઝોનલ ઓફીસર | ૯૦૦ | ૯૦૦ (આખા દિવસનાં) | | |
| (૨૦) | પોલીસ ગાર્ડ (ઝોનલ ઓફીસર સાથે વાહનમાં) | ---- | ૪૫૦ (આખા દિવસનાં) | | |

(તેજસ એચ.સોની)
નાયબ સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

# પરિશિષ્ટ-૧

(સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૫/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: કપઅ/૧૧૮૯/૧૨૯૦/ગ-૪(પાર્ટ ફાઈલ) સાથેનું બિડાણ)

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા લેવામાં આવતી કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી ટેસ્ટના પ્રશ્નપત્રો તથા મૂલ્યાંકનની કામગીરી માટેના મહેનતાણાના દર

## ભાગ-ડ

| ક્રમ | કામગીરી | પ્રસ્તાવિત દર રૂ. |
|---|---|---|
| (૧) | પ્રશ્નપત્ર આન્સર કી સહિત તૈયાર કરવા તથા ચકાસણી કરવી | ૫૦૦૦ |
| (૨) | પ્રશ્નપત્રોના પ્રશ્નો પૈકી આન્સર કી સહિત કોઇ એક પ્રશ્ન તૈયાર કરવો તથા ચકાસણી કરવી (પ્રશ્ન દીઠ) | રૂ. ૫૦૦૦/-માંથી પ્રત્યેક પ્રશ્નદીઠ સમભાગે |
| (૩) | મોડરેશન (પ્રશ્નપત્ર તથા આન્સર કી તૈયાર કરવા તેમજ માર્કીંગ પેટર્ન તૈયાર કરવી અને એસેસમેન્ટ સીસ્ટમ પર ચકાસણી કરવી/કરાવવી | ૬૦૦૦ |
| (૪) | પ્રશ્નપત્ર અને આન્સર કી ની માર્કીંગ પેટર્ન તૈયાર કરવી અને ચકાસવી તથા એસેસમેન્ટ સીસ્ટમ પર ચકાસણી કરવી/કરાવવી (અન્ય તજજ્ઞ દ્વારા તૈયાર કરેલ પ્રશ્નપત્ર તથા જવાબના કિસ્સામા) | ૧૦૦૦ |
| (૫) | એસેસમેન્ટ સીસ્ટમ પર મૂલ્યાંકન થયેલ પ્રશ્નપત્રનું મેન્યુઅલ રી-ચેકીંગ કરવુ.,<br><br>લોગ તેમજ સ્ક્રીન રેકર્ડીંગની ખરાઇ કરવી (જવાબવહી દીઠ) | ૧૦૦ |

(તેજસ એચ.સોની)
નાયબ સચિવ(ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.